# રાજકોટ મારવાડી કોલેજ કેમ્પસમાં વાયબ્રન્ટ સમિટમાં ખાસ હોસ્પિટલ ઉભી કરાઇ

## દવા, ઇમરજન્સીને પહોંચી જરૂરી સાધન-સામગ્રી, સ્પેશિયલ ડ્રેસિંગ ટેબલની એમ્બ્યુલન્સની વયવસ્થા



રાજકોટ,
રાજકોટમાં યોજાનારી આગામી વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગતની કોન્ફરન્સને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં દેશ-વિદેશના મહાનુભાવો અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાના હોવાથી, કોઈપણ તબીબી કટોકટીને પહોંચી વળવા માટે મારવાડી કોલેજ કેમ્પસમાં જ ૬ બેડની સુવિધા ધરાવતી મિની હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલી આ વ્યવસ્થામાં દર્દીઓની સારવાર માટે નિષ્ણાત ડોક્ટરોની ફોજ ઉતારવામાં આવી છે. આ હોસ્પિટલમાં ફિઝિયોથેરાપી, જનરલ સર્જન, ઓર્થોપેડિક (હાડકાના નિષ્ણાત) અને મેડિકલ ઓફિસર સહિત કુલ ૫૦ જેટલા મેડિકલ સ્ટાફને આ ડ્યુટીમાં સામેલ કરવામાં આવ્યા છે. જેમાં દરરોજ કુલ ૫ તબીબો સહિત ૨૫ ડોક્ટરો રોટેશન મુજબ ફરજ બજાવશે અને સહાયક સ્ટાફ તરીકે ૧૦ નર્સિંગ સ્ટાફ અને ૧૦ સર્વન્ટ સહિતનો અન્ય સ્ટાફ ખડેપગે રહેશે.

કોન્ફરન્સ દરમિયાન સતત તબીબી દેખરેખ જળવાઈ રહે તે માટે કુલ ૨૫ ડોક્ટરોની ટીમ ફાળવવામાં આવી છે. દરરોજ ૫ ડોક્ટરો રોટેશન મુજબ ફરજ બજાવશે, જેથી ૨૪ કલાક દરમિયાન કોઈપણ સમયે તબીબી સહાય મળી શકે. આ વ્યવસ્થાનું સંચાલન રાજકોટ સિવિલ હોસ્પિટલના અધિક્ષક અને આરોગ્ય વિભાગ દ્વારા સીધું કરવામાં આવી રહ્યું છે.

મારવાડી કોલેજમાં બનાવાયેલી આ હોસ્પિટલ માત્ર પ્રાથમિક સારવાર પૂરતી સીમિત નથી, પરંતુ અહીં ઈમરજન્સીને પહોંચી વળવા માટે જરૂરી સાધન-સામગ્રી પણ ઉપલબ્ધ કરાવાઈ છે. નાની-મોટી ઈજાઓ માટે ૩ સ્પેશિયલ ડ્રેસિંગ ટેબલની વ્યવસ્થા અને ગંભીર પરિસ્થિતિમાં દર્દીને તાત્કાલિક અન્ય હોસ્પિટલ ખસેડવા માટે ૩ હાઈ-ટેક એમ્બ્યુલન્સ સ્થળ પર તૈનાત રહેશે. ઈમરજન્સી અને જીવનરક્ષક દવાઓનો પૂરતો સ્ટોક અહીં રાખવામાં આવ્યો છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ કોન્ફરન્સ એ રાજ્યનો પ્રતિષ્ઠિત કાર્યક્રમ છે. અહીં આવતા મહેમાનોના સ્વાસ્થ્યની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. મારવાડી કોલેજમાં ઉભી કરાયેલી આ ૬ બેડની હોસ્પિટલ તમામ પ્રકારની આધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેથી સ્થળ પર જ તાત્કાલિક નિદાન અને સારવાર થઈ શકે. આમ, રાજકોટમાં યોજાનારી આ મેગા ઈવેન્ટમાં આરોગ્ય વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની કચાસ રાખવામાં આવી નથી. ૫૦ સભ્યોની ટીમ અને આધુનિક સાધનો સાથેની આ હોસ્પિટલ કોન્ફરન્સ પૂર્ણ થાય ત્યાં સુધી કાર્યરત રહેશે.

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં સોમનાથમાં શિવરાત્રીના મેળા જેવો સર્જાયો માહોલ

## દિગમ્બર સાધુઓના દિલધડક તલવારબાજી, લાઠીદાવ સહિતના કરતબો




વેરાવળ,
જૂનાગઢના મહાશિવરાત્રીના મેળાની તર્જ ઉપર સાધુ સંતો અને દિગંબર સાધુઓની સોમનાથના શંખ ચોકથી સોમનાથ મંદિર સુધી ભવ્ય રવેડી નીકળી હતી. આ રવેડીમાં આધ્યાત્મિક ઊર્જા સભર વાતાવરણથી ભારતીય સંસ્કૃતિનો બુલંદ જોવા મળ્યો હતો.

સાથે જ સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આ સાધુ-સંતોની ભવ્ય રવાડી દરમિયાન સોમનાથની પવિત્ર ભૂમિ પર ભક્તિ, પરંપરા અને શૌર્યનો અનોખો સંગમ પણ જોવા મળ્યો હતો.

રવાડીમાં અગ્નિ આહ્વાન અખાડા, જૂના અખાડા સહિતના સંતો જોડાયા હતા. શ્રી ઈન્દ્રભારતી બાપુ, શ્રી મહેન્દ્રાનંદ બાપુ સહિતના અગ્રણી સંતોની વિશેષ ઉપસ્થિતિમાં આ ભવ્ય રવાડી નીકળી હતી. ભારતીય સંસ્કૃતિની પાવન પરંપરાને ઉજાગર કરતી આ રવાડીમાં રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને ઉર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સર્વશ્રી ભગવાનભાઈ બારડ, શ્રી સંજયભાઈ કોરડીયા સહિતના પદાધિકારીઓ આસ્થાભેર ભવ્ય સહભાગી બન્યા હતા. ઉપરાંત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ધાર્મિક ઉલ્લાસથી છલકાયું હતું.

# સોમનાથ આવતા પ્રવાસીઓ માટે નવું નજરાણું એટલે મંદિર નિર્માણની કળા સમજાવતું સોમનાથનું ખાસ મ્યુઝિયમ




મિતેશ પરમાર, વેરાવળ,
વિશ્વપ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં હવે માત્ર આસ્થા જ નહી, પરંતુ જ્ઞાન અને કલાનો પણ સમન્વય જોવા મળી રહ્યો છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ ખાતે આવતા શ્રદ્ધાળુઓ ભારતીય સંસ્કૃતિ મંદિર સ્થાપત્ય કલાથી પરિચિત થાય તે માટે ખાસ કરીને તૈયાર કરવામાં આવેલું મંદિર સ્થાપત્ય સંગ્રહાલય પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર છે.સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ મ્યુઝિયમની રચના એવી રીતે કરવામાં આવી છે કે, મુલાકાતીઓને ભારતીય સ્થાપત્ય શૈલીનું જ્ઞાન મળી રહે. અહી પ્રાચીન કાળમાં મંદિરોના નિર્માણ માટે જે પદ્ધતિઓ વપરાતી હતી, તેનું તાદ્રશ વર્ણન કરવામાં આવ્યું છે.

સંગ્રહાલયમાં મંદિર શૈલીને આકૃતિઓ અને મોડેલ્સ દ્વારા સમજૂતી આપવામાં આવી છે.અને સોમનાથના ભૂતકાળના મંદિરોમાંથી પ્રાપ્ત થયેલા અવશેષો, નકશીકામ કરેલા પથ્થરો અને મૂર્તિઓને અહી વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રદર્શિત કરાયા છે અને આધુનિક યુગના મુલાકાતીઓને આકર્ષવા માટે લાઈટિંગ અને માહિતીપ્રદ બોર્ડ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આવનારી પેઢીને આપણી સનાતન સ્થાપત્ય કલા અને ભવ્ય વારસાથી દર્શન થાય તે માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા સમાજ સેવાની ભાવના સાથે માત્ર રૂ. ૫ જેવી નજીવી ફી મંદિર સ્થાપત્ય મ્યુઝિયમની મુલાકાતીઓ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

# સ્વાભિમાન પર્વ અંતર્ગત ૭૨ કલાકના અખંડ ૐ કાર જાપમાં મંત્રીઓ સહભાગી થયા



વેરાવળ,ઈ
સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન ભાઈ વાજા તથા કાયદો અને ઉર્જા રાજ્ય મંત્રીશ્રી, કૌશિકભાઈ વેકરીયાએ ઋષિકુમારો દ્વારા યોજાઈ રહેલા ૭૨ કલાકના અખંડ "ૐકાર જાપ"માં ભાવપૂર્વક સહભાગિતા નોંધાવી હતી.

આ અવસરે મંત્રીશ્રીઓ સાથે જૂનાગઢના ધારાસભ્યશ્રી, સંજયભાઈ કારડીયાએ પણ અખંડ જાપમાં ભાગ લીધો હતો. મહાનુભાવોએ શ્રીસોમનાથ મહાદેવના પાવન દર્શન કરી રાજ્યના નાગરિકોની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

આ ઉપરાત રાજકોટના ધારાસભ્યશ્રી, દર્શિતા બહેન શાહ એ પણ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત આ આધ્યાત્મિક કાર્યક્રમ દ્વારા શ્રદ્ધા, સંસ્કૃતિ અને સ્વાભિમાનની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.

વીર હમીરજી ચોકમાં પહોંચ્યા બાદ સંતો ધ્વજા લઈ સોમનાથ મંદિરમાં પહોંચ્યા હતા અને ત્યાં ધ્વજા અર્પણ કરી હતી. હમીરજી ચોકમાં લોકોની ભારે ભીડ જામી હતી. સોમનાથ સ્વાભિમાન પર્વમાં જૂનાગઢના શિવરાત્રીના મેળા જેવો માહોલ સોમનાથમાં અનુભવાયો હતો.

આ રવાડીમાં દિગમ્બર સાધુઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ કરતબોએ લોકોમાં વિશેષ શ્રદ્ધાનો માહોલ જગાવ્યો હતો.સાધુઓએ પોતાની અદભૂત શારીરિક ક્ષમતાઓ અને સાધનાનો પરિચય આપતાં પરંપરાગત રીતે કરતબો રજૂ કર્યા હતા.

દિગમ્બર સાધુઓએ તલવારબાજી સહિત વિવિધ અંગકસરતના દાવો રજૂ કરી પોતાની શૌર્યકલા અને આત્મશક્તિનું દર્શન કરાવ્યું હતું. તેમના આત્મવિશ્વાસભર્યા અને શિસ્તબદ્ધ પ્રદર્શનથી દર્શકોમાં તાળીઓ અને જયઘોષ ગુંજી ઊઠ્યા હતા. રવાડી દરમિયાન સર્જાયેલો માહોલ શિવરાત્રી નિમિત્તે જૂનાગઢમાં યોજાતા પરંપરાગત મેળાની રવાડી જેવો લાગતો હતો.

ધાર્મિક ઉત્સવ સાથે લોકસંસ્કૃતિની ઝલક સોમનાથમાં સ્પષ્ટ રીતે અનુભવાઈ રહી હતી. સાધુ-સંતોની રવાડીમાં દિગમ્બર સાધુઓના કરતબોએ સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્યતા અને વિશિષ્ટતા વધારી હતી.

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં નવના અંકનો દૈવી સંયોગ



વેરાવળ,
પ્રભાસ પાટણના આંગણે ઉજવાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં ભક્તિની સાથે સાથે એક અત્યંત અદભૂત અને આધ્યાત્મિક સંયોગ પણ જોવા મળી રહ્યો છે. આ મહોત્સવના આયોજનમાં 'નવ' (૯) ના અંકનો જે અદભૂત સમન્વય રચાયો છે, તે શ્રદ્ધાળુઓમાં કુતૂહલ અને આસ્થાનો વિષય બન્યો છે. ભારતીય શાસ્ત્રોમાં '૯' ના અંકને પૂર્ણતાનું પ્રતીક માનવામાં આવે છે, અને આ પર્વમાં તેની ઝલક ડગલે ને પગલે જોવા મળી રહી છે.

સંખ્યાશાસ્ત્ર અને ભક્તિનો સમન્વય: અંક '૯'નું વર્ચસ્વ

સોમનાથના આ આયોજનમાં સમય અને તારીખનો મેળ કંઈક એવી રીતે બેઠો છે કે જેનો સરવાળો અંક '૯' પર આવે છે: શુભારંભ: આ મહોત્સવની શરૂઆત ૮/૧ ના રોજ થઈ છે (૮+૧ = ૯). અખંડ ઓમકાર જાપ: પર્વના પ્રારંભે સવારે ૯ કલાક અને ૯ મિનિટે અખંડ ઓમકાર જાપના મંત્રોચ્ચાર શરૂ કરવામાં આવ્યા હતા. આ સમયના અંકોનો સરવાળો પણ (૯+૯= ૧૮, અને ૧+૮ = ૯) થાય છે. અવિરત ભક્તિ: આ ઓમકાર જાપ સતત ૭૨ કલાક સુધી ચાલવાના છે, જેનો સરવાળો પણ (૭+૨ = ૯) થાય છે.

આમ, સમગ્ર મહોત્સવ જાણે કે ગ્રહ નક્ષત્રો અને અંકોના શુભ સંયોગ સાથે આકાર લઈ રહ્યો હોય તેવું પ્રતીત થાય છે.

શૌર્ય યાત્રામાં ૧૦૮ અશ્વોનું જોડાણ

સ્વાભિમાન પર્વના આકર્ષણમાં વધારો કરતા, આ મહોત્સવમાં યોજાનાર શૌર્ય યાત્રામાં પણ ૧૦૮ અશ્વોની એક વિશાળ અને ભવ્ય યાત્રા નીકળશે. હિન્દુ સંસ્કૃતિમાં ૧૦૮ નો અંક અત્યંત પવિત્ર માનવામાં આવે છે, જેનો સરવાળો પણ (૧+૦+૮ = ૯) થાય છે. અશ્વોને શક્તિ અને ગતિનું પ્રતીક માનવામાં આવે છે, ત્યારે આ યાત્રા સોમનાથની ગરિમા અને ભારતીય અસ્મિતાના વિજયનાદને ગુંજવશે.

સમગ્ર વાતાવરણ શિવમય

આ અદભૂત સંયોગો વચ્ચે સોમનાથ મંદિરનું પરિસર હર હર મહાદેવ અને ઓમ નમ: શિવાયના નાદથી ગુંજી ઉઠ્યું છે. એક તરફ સંખ્યાશાસ્ત્રનો વિજ્ઞાન અને બીજી તરફ ભક્તોની અતૂટ આસ્થા-આ બંનેના મિલનથી સોમનાથ સ્વાભિમાન પર્વ ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાવા જઈ રહ્યો છે. આ પર્વ માત્ર એક ઉત્સવ નહીં, પરંતુ ભારતના પુનર્જાગરણ અને આત્મગૌરવની અભિવ્યક્તિ બની રહ્યો છે.

# ભારતીય ઋષિ સંસ્કૃતિનું વહન કરતી વર્ષો જૂની શ્રી સોમનાથ સંસ્કૃત પાઠશાળા



મિતેશ પરમાર, વેરાવળ,
દેવાધિદેવ મહાદેવના સાનિધ્યમાં વર્ષો જૂની એક એવી પાઠશાળા આવી છે, જે ભારતીય ઋષિ સંસ્કૃતિનું વહન કરવાની સાથે પ્રવર્તમાન સમયમાં સમાજમાં સંસ્કૃત અને સંસ્કૃતિનું નવું સંધાન સ્થાપિત રહી છે. આ પાઠશાળાના ઋષિ કુમારોએ સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ ઓમકારનાદ અને અને શંખનાદ કરી નવી ચેતના પ્રસરાવી છે.

આ પાઠશાળા એટલે શ્રી સોમનાથ સંસ્કૃત પાઠશાળા, જ્યાં નિત્ય વેદની ઋચાઓ, શ્લોકો, મંત્રોનો ગુંજારવ થાય છે. સાથે જ અહીં વિદ્યાર્થીઓ ભારતના પૌરાણિક અને આધ્યાત્મિક જ્ઞાનને આત્મસાત કરી રહ્યા છે.

શ્રી સોમનાથ સંસ્કૃત પાઠશાળા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે, તેમાં શિક્ષણકાર્યની જવાબદારી નિભાવતા મિલન પંડ્યા કહે છે કે, વર્ષો જૂની સંસ્કૃત પાઠશાળા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી વિસ્તાર પામી છે, અહીંના ઋષિકુમારો ભારતીય સંસ્કૃતિના અભિન્ન ભાગરૂપ સંસ્કૃત સાહિત્ય, વેદ, પુરાણ, જ્યોતિષ વૈદિક ગણિત, વાસ્તુશાસ્ત્ર, આયુર્વેદ, પાણીની વ્યાકરણ સહિતના વિષયો અભ્યાસ કરી રહ્યા છે, સાથે જ પ્રવર્તમાન સમય મુજબ અહીંના વિદ્યાર્થીઓનું સમાજ સાથે સંધાન કેળવાય તે માટે અંગ્રેજી અને કોમ્પ્યુટરનું પણ જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. ઉપરાંત તિલક કેમ કરવું, સપ્તપદી, ૧૬ સંસ્કાર, વગેરે આ ધાર્મિક વિધિવિધાનો પાછળનું તર્ક અને મહત્વ સમાજ જાણે તેમાં પણ આ ઋષિ કુમારની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

તેઓ કહે છે કે, આપણી ગૌરવશાળી ઋષિ પરંપરા જળવાઈ રહે તે માટે એના વિદ્યાર્થીઓને ગૌશાળા અને નૈસર્ગિક વાતાવરણમાં પણ અભ્યાસ કરાવવામાં આવે છે. સાથે જ કર્મકાંડ, યજ્ઞયજ્ઞાદિ, પ્રાણ પ્રતિષ્ઠા વગેરે ધાર્મિક અનુષ્ઠાનોનું પ્રેક્ટીકલ જ્ઞાન પણ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

# સોમનાથમાં જૂનાગઢના શિવરાત્રીના મેળા જેવો સર્જાયો માહોલ

## સાધુ સંતોની રવાડીમાં દિગમ્બર સાધુઓના દિલધડક કરતબો જોઈ યાત્રિકો થયા અચંબિત

વેરાવળ,
સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત નીકળેલી સાધુ-સંતોની ભવ્ય રવાડી દરમિયાન સોમનાથની પવિત્ર ભૂમિ પર ભક્તિ, પરંપરા અને શૌર્યનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રવાડીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ધાર્મિક ઉલ્લાસથી છલકાયું હતું. જૂનાગઢના શિવરાત્રીના મેળા જેવો માહોલ સોમનાથમાં અનુભવાયો હતો.

આ રવાડીમાં દિગમ્બર સાધુઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ કરતબોએ લોકોમાં વિશેષ કૌતુક અને આશ્ચર્ય જગાવ્યું હતું. સાધુઓએ પોતાની અદભૂત શારીરિક ક્ષમતાઓ અને સાધનાનો પરિચય આપતાં પરંપરાગત રીતે કરતબો રજૂ કર્યા હતા.દિગમ્બર સાધુઓએ તલવારબાજી સહિત વિવિધ અંગકસરતના દાવો રજૂ કરી પોતાની શૌર્યકલા અને આત્મશક્તિનું દર્શન કરાવ્યું હતું. તેમના આત્મવિશ્વાસભર્યા અને શિસ્તબદ્ધ પ્રદર્શનથી દર્શકોમાં તાળીઓ અને જયઘોષ ગુંજી ઊઠ્યા હતા.રવાડી દરમિયાન સર્જાયેલો માહોલ શિવરાત્રી નિમિત્તે જૂનાગઢમાં યોજાતા પરંપરાગત મેળાની રવાડી જેવો લાગતો હતો. ધાર્મિક ઉત્સવ સાથે લોકસંસ્કૃતિની ઝલક સોમનાથમાં સ્પષ્ટ રીતે અનુભવાઈ રહી હતી.સાધુ-સંતોની રવાડીમાં દિગમ્બર સાધુઓના કરતબોએ સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્યતા અને વિશિષ્ટતા વધારી હતી.

# શૌર્ય યાત્રાના રૂટ પર 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ને ચરિતાર્થ કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ




વેરાવળ,
'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની વિભાવના ચરિતાર્થ કરતા શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રાના રૂટ પર કુલ ૨૦ જેટલા સ્ટેજ પર કર્ણાટક, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોની કૃતિ રજૂ થઈ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના આગમન પૂર્વે શૌર્ય યાત્રાના રૂટ પર યક્ષગાન, કૂચિપુડી નૃત્ય મણિયારો રાસ, ભરત-નાટ્યમ સહિત વિવિધતામાં એકતા દર્શાવતા રાજ્યભરના કલાકારો દ્વારા રજૂ થતાં અલગ-અલગ સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળવા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકો ઉમટી પડ્યા હતાં